ગાંધીનગર સમાચાર

# સુપર-૩૦ ફિલ્મ જોઈ વિદ્યાર્થીઓ સુપર-ઈન્ડિયન બનવા પ્રેરિત થયા



ગાંધીનગર, તા. ૨૦

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, ભાટ ના પ્રથમ વર્ષમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓને આવકારવા સંસ્થા દ્વારા હાલમાં રીલીઝ થયેલ પ્રેરણારૂપ ફિલ્મ "સુપર-૩૦" બતાવવામાં આવ્યું. આજના ભારતનાં દરેક શહેરોમાં આનંદકુમાર જેવી વ્યક્તિની જરૂર છે કે જેમના જીવન પરથી સુપર-૩૦ ફિલ્મ બનાવવામાં આવ્યું છે. નાત-જાત-ધર્મ કે ધનનાં ભેદભાવ વગર દરેક ભારતીયને શિક્ષણનો સમાન અધિકાર છે, જેનો ઉલ્લેખ પણ ભારતના બંધારણમાં થયેલ છે. આજના કપરા સમયમાં ગરીબ કે મધ્યમ વર્ગના બાળકો સંઘર્ષ કરી ભણે છે અને મોટા અધિકારી બને ત્યારે પોતાના કુટુંબના સાત પેઢીઓને તારે છે. દરેક સફળતા પાછળ એક સંઘર્ષની ગાથા રહેલી છે, તેવો પ્રેરણાદાયી સંદેશ આ ફિલ્મ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો છે. આ અંગે સંસ્થાના ડાયરેક્ટર પ્રો. ધર્મેશ વંડરા એ જણાવ્યું કે "આજના નવયુવાન વિદ્યાર્થીઓ માટે ફ્રેશર્સ પાર્ટી કમ ડિસ્કોથેકમાં વેલકમ પાર્ટીનું આયોજન કરે તેના કરતાં કોલેજો પ્રવેશ લેતા વિદ્યાર્થીઓને તેમનાં જીવન માટે ઉપયોગી માર્ગદર્શન મળે તેવા કાર્યક્રમ વધારે જરૂરી છે. જ્ઞાન અને આવડત ક્યારેય કોઈ ચોરી કરી શકતું નથી, અને જ્ઞાન અને આવડત વિના કોઈ આગળ વધી શકતું નથી. અમારો દરેક વિદ્યાર્થી પોતાનું જ્ઞાન બીજાને આપે અને સમાજને સાચા અર્થમાં શિક્ષિત કરે એ જ અમારો ઉદ્દેશ છે." ફિલ્મ જોયા બાદ વિદ્યાર્થીઓએ જણાવ્યું કે અમે પણ આનંદકુમારની જેમ ગરીબ વિસ્તારોમાં જઈ રજાઓના દિવસે નાના બાળકોને પાયાનું શિક્ષણ આપીશું, અમારી પોકેટ મની શિક્ષણ વંચિત બાળકોના પુસ્તકો પાછળ ખર્ચીશું. જો આવું દરેક કોલેજના વિદ્યાર્થી વિચારે તો ખરા અર્થમાં સુપર-૩૦ ફિલ્મનાં હિરો આનંદકુમારનું સ્વપ્ન ભારતને વિશ્વમાં "સુપર-ભારત" બનતા કોઈ રોકી શકશે નહીં. જો વર્તમાન સમયમાં એક ગરીબ ચા વેચવા વાળો બાળક મોટો થઈ દુનિયાના સૌથી મોટા લોકતાંત્રિક દેશનાં પ્રધાનમંત્રી બની શકતા હોઈ તો આપણો દરેક યુવાન વિશ્વનાં દરેક ક્ષેત્રમાં અગ્રેસર રહી આપણાં ભારત દેશને મહાસત્તા તરફ દોરી શકે છે. શિક્ષણ અને સ્કિલ એ જ ભારત દેશને ફરીથી "સોને કી ચિડિયા" બનાવી શકશે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી ગાંધીનગર સાહિત્યસભા દ્વારા

# 'વરૂ જોડે એક રાત' નાટક ભજવાયું





## આબિદ સુરતી લિખિત અને હસમુખ મેકવાન દિગ્દર્શિત નાટકમાં ગાંધીનગરના કલાકારોએ અભિનયનાં અજવાળાં પાથર્યાં

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહાયથી ગાંધીનગર સાહિત્યસભા દ્વારા આબિદ સુરતી લિખિત અને હસમુખ મેકવાન દિગ્દર્શિત નાટક 'વરૂ જોડે એક રાત' શુક્રવારે રાત્રે ગાંધીનગર ટાઉનહૉલમાં ભજવાયું હતું. ઊર્મિલા સોલંકી, ઉરેન અલમોલા, સંજય ક્રિશ્ચિયન, આશિષકુમાર, અર્પિત પરમાર, શેનોન કેન્ઝી અને કિન્નરી દવેએ આ નાટક માટે પોતાનો અભિનય આપ્યો હતો. પ્રકાશ આયોજન રાહુલ ગુમાને, સંગીત હોમ સ્ટુડિયો, ગાંધીનગર, સંગીત સંચાલન નીરવ મેકવાન, નૃત્ય નિર્દેશન પ્રજ્ઞા ગજ્જર, સંન્નિવેશ અનવર મનસુરી, રંગભૂષા ગફુર શેખ, ફોટોગ્રાફી-વિડીયોગ્રાફી સાબિર મલેક અને નેપથ્યની જવાબદારી મહેન્દ્ર પ્રજાપતિ, સંદીપ ઍન્જિનીયર તથા નિરંજન શાહ દ્વારા નિભાવવામાં આવી હતી. નાટક અગાઉ નટવર હેડાઉ લિખિત નાટ્યસંગ્રહ 'હવે હું ચૂપ નહીં રહું'નું વિમોચન સાહિત્યકાર દોલત ભટ્ટ, નાટ્યકાર પ્રકાશ લાલા, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ જ્યોતિષ ભટ્ટ અને નાટ્યકાર હસમુખ મેકવાનના હસ્તે કરવામાં આવ્યું હતું. જ્યોતિષ ભટ્ટે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં નાટ્યકાર હસમુખ મેકવાનને આ નાટ્યપ્રયોગ માટે બિરદાવ્યા હતા અને ગાંધીનગરની જનતા સમક્ષ ગાંધીનગરના જ નાટ્યકાર દ્વારા નાટ્યની પ્રસ્તુતિમાં સહભાગી બનવા બદલ અકાદમી વતી આનંદની લાગણી પ્રગટ કરી હતી.

ત્યારબાદ સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર તરફથી બી એમ પરમાર, ત્રિદલ તરફથી કાંતિભાઈ પટેલ, કૅપિટલ રૉટરી ક્લબ તરફથી ડૉ. અંકુર પરમાર અને પાર્થ ઠક્કર, ગાંધીનગર ગુજરાતી કૅથોલિક પરિવાર તરફથી ફ્રાન્સિસ મેકવાન, ચંદ્રવદન મેકવાન અને મોજીઆલા ટી-ક્લબ તરફથી પ્રકાશ લાલા, મહેન્દ્ર ભાવસાર અને હરેશ ભટ્ટ દ્વારા આ નાટકના દિગ્દર્શક હસમુખ મેકવાનનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ માટે સૌરાષ્ટ્ર-કચ્છ સમાજસેવા ટ્રસ્ટનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

## જન્મદિને વધામણી



ભરતસિંહ પુનમજી ઠાકોર
મો.૭૯૮૪૩ ૩૩૪૮૦



ભાનુબેન ઠક્કર
લાયોનેસ ક્લબ, ગાંધીનગર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે સરકારી વિનયન કોલેજમાં યોજાઈ વકતૃત્વ સ્પર્ધા



ગાંધીનગર, તા. ૨૦

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ પ્રસંગે તાજેતરમાં સરકારી વિનયન કોલેજના ઈતિહાસ વિભાગ ગાંધીનગર દ્વારા વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં સ્વાગત પ્રવચન અને વકતૃત્વ સ્પર્ધા અંગેનો હેતુ ડૉ. તસ્નીમ શેખ દ્વારા આપવામાં આવ્યું હતું. આ સ્પર્ધા અંતર્ગત વિવિધ વિદ્યાર્થીઓએ "ગાંધીજીનું જીવન અને કાર્યો : એક દૃષ્ટિપાત" વિષય પર વકતવ્ય આપ્યું હતું. કોલેજનાં આચાર્ય અને કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. આર. બી. કોઠારી દ્વારા આ પ્રસંગને અનુરુપ મનનીય પ્રવચન આપવામાં આવ્યું હતું. જ્યારે અતિથિ વિશેષ તરીકે પધારેલ જે. વી. શાહ અને પ્રાધ્યાપક ડૉ. સુશીલાબેન ખડાયતા તથા પ્રાધ્યાપક મુન્નાબેન ચૌધરી દ્વારા પણ વિષયને અનુરુપ પ્રવચન અપાયું હતું.. આ સ્પર્ધામાં વીસ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાં પ્રથમ ક્રમાંક હાર્દિક કે. રમણા, દ્વિતિય ક્રમાંક જનક.એસ ચૌહાણ અને ત્રીજો ક્રમ રાહુલ આર ડાભી તથા ધવલ ડી મકવાણાને મળ્યો હતો. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ઈતિહાસ વિભાગ તરફથી પ્રોત્સાહક પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપક રાજેશ ભાભોર દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ પ્રાધ્યાપક સંજય પરમાર દ્વારા કરવામાં આવી હતી. બહોળી સંખ્યામા વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લઈ કાર્યક્ર્મને સફળ બનાવ્યો હતો.

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની

# વિદ્યાર્થિનીઓએ મુક્તિધામની મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૨૦

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના એન. એસ. એસ. યુનિટ દ્વારા મુક્તિધામની મુલાકાત લેવામાં આવી હતી. આપણા સમાજમાં મોટેભાગે બહેનોને અંતિમક્રિયાની વિધિથી દુર રાખવામાં આવે છે. એવા માહોલમાં છોકરીઓ માટે મુક્તિધામની મુલાકાત એક જુદા જ પ્રકારના અનુભવ જેવી બની રહી હતી. આ મુલાકાતમાં એન. એસ. એસ. યુનિટ ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નરેન્દ્ર કે. પટેલ સાથે ૫૧ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. મુલાકાત માટે ગાંધીનગરની જુનિયર સીટીઝન કાઉન્સીલ અને જીલુભા ધાંધલનો સહયોગ મળ્યો હતો. વિદ્યાર્થીનીઓએ મુક્તિધામની સફાઈનો કાર્યક્રમ પણ યોજ્યો હતો. કોલેજના આચાર્ય ડો. એમ. એમ. ચૌધરી દ્વારા વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

# ફાયર એન્ડ સેફ્ટી કૉલેજ દ્વારા આજે ફ્રી વિદ્યાર્થી સેમિનાર

ગાંધીનગર, તા. ૨૦

આધારશિલા ફાયર એન્ડ સેફ્ટી કોલેજ દ્વારા એક ફ્રી સેમિનારનું રવિવાર, તા. ૨૧ જુલાઈના રોજ આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં ધોરણ-૧૦ અને ૧૨ પછી કેરિયર અંગેના વિકલ્પોની ચર્ચા કરવામાં આવશે.

જિલ્લાના વલાદ ગામે આધારશિલા ફાયર કોલેજ ચાલે છે, જેમાં વિદ્યાર્થીઓ માટે ૬ માસ, ૧૨ માનો કોર્સ રાહતદરે ચાલે છે. આ કોર્સ કરીને વિદ્યાર્થી સારી કારકિર્દીનું ઘડતર કરી શકે છે.

આ સેમિનારમાં જોડવા માટે સૌ રસજ્ઞ વિદ્યાર્થીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી માટે અંજના નિમાવત (મો. ૯૯૯૮૮ ૧૦૭૧૯)નો સંપર્ક કરવા માટે અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# એક પુસ્તકની જાદુઈ અસર

જેમ વેસ્ટની ઓળખાણ મને નિરામિષાહારી ભોજનગૃહમાં થઈ તેમ પોલાકને વિષે બન્યું. એક દિવસે હું જે ટેબલે બેઠો હતો ત્યાંથી દૂરના ટેબલે એક નવજુવાન જમતા હતા. તેમણે મને મળવાની ઈચ્છાથી પોતાનું નામ મોકલ્યું. મેં તેમને મારા ટેબલ ઉપર આવવા નોતર્યા. તે આવ્યા.


'હું 'ક્રિટિક' નો ઉપતંત્રી છું. તમારો મરકી વિષેનો કાગળ વાંચ્યા પછી તમને મળવાની મને બહુ ઈચ્છા થઈ. આજે હું એ તક મેળવું છું.'

મિ. પોલાકની નિખાલસતાથી હું તેમની તરફ ખેંચાયો. તે જ રાતે અમે એકબીજાને ઓળખતા થઈ ગયા, અને જિંદગી વિષેના અમારા વિચારોમાં અમને બહુ સામ્ય નજરે આવ્યુ. સાદી જિંદગી તેમને પસંદ હતી. અમુક વસ્તુને બુદ્ધિ કબૂલ કરે એટલે પછી તેનો અમલ કરવાની તેમની શક્તિ આશ્ચર્ય પમાડનારી લાગી. પોતાની જિંદગીમાં કેટલાક ફેરફારો તો તેમણે એકદમ કરી દીધા.

'ઈંડિયન ઓપીનિયન' નું ખર્ચ વધતું જતું હતું. વેસ્ટનો પહેલો જ રિપોર્ટ મને ભડકાવનારો હતો. તેમણે લખ્યું : 'તમે કહ્યો હતો તેવો નફો આ કામમાં નથી. હું તો ખોટ જોઉં છું. ચોપડાઓની અવ્યવસ્થા છે. ઉઘરાણી ઘણી છે, પણ તે મોંમાથા વિનાની છે. ઘણા ફેરફારો કરવા પડશે. પણ આ રિપોર્ટથી તમારે ગભરાવાનું નથી. મારાથી બનતી વ્યવસ્થા હું કરીશ. નફો નથી તેટલા સારુ હું આ કામ છોડું તેમ નથી.'

નફો ન જોવાથી કામને છોડવા ધારત તો વેસ્ટ છોડી શકત, ને તેમને હું કોઈ પ્રકારનો દોષ ન દઈ શકત. એટલું જ નહીં પણ, વગર તપાસે નફાવાળું કામ છે એવું કહેવાનો દોષ મારા પર મૂકવાનો તેમને અધિકાર હતો. આમ છતાં તેમણે મને કદી કડવું વેણ સરખું નથી સંભળાવ્યું. પણ હું માનું છું કે, આ નવી જાણથી વેસ્ટની નજરમાં હું ઉતાવળે વિશ્વાસ કરનારમાં ખપવા લાગ્યો હોઈશ. મદનજિતની માન્યતા વિષે તપાસ કર્યા વિના તેમના કહ્યા ઉપર વિશ્વાસ રાખીને મેં વેસ્ટને નફાની વાત કરેલી. મને લાગે છે કે, જાહેર કામ કરનારે આવો વિશ્વાસ ન રાખતાં જેની જાતે તપાસ કરી હોય એવી જ વસ્તુ કહેવી જોઈએ. સત્યના પૂજારીએ તો ઘણી સાવધાની રાખવી જોઈએ. (ક્રમશઃ)

150 ગાંધીયાત્રા



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# ગુજરાતી ભાષા એના ભાષકોને શોધી રહી છે

**માતૃભાષા-ચિંતન**
**હર્ષદ પ્ર. શાહ**

આપણી ભાષા રઘવાઈ થઈને આપણને શોધી રહી છે ! હેં ? આપણે ખોવાઈ તો નથી ગયાને ? ખોવાયેલા દીકરાને ગોતવા નીકળે, એ પહેલાં કોઈ પણ મા કદી બ્યુટી પાર્લરમાં જઈ, સજ્જ થઈને નથી જતી.

એમ આ ગુજરાતી ભાષા, જેવી છે તેવી; ભાષકોને શોધી રહી છે. રે ભાષકો ! ગુજરાતી આ શોધ-મથામણમાં સફળ થાય એમ કરીએ; ભાષાને સામે ચાલીને મળીએ... ગુજરાતીને મળીએ... નહિતર, ચિંતક ગુણવંત શાહનું આ વિધાન સાચું પડશે : 'આ દાયકામાં નાશ પામનારી કેટલીક ભાષાઓમાં ગુજરાતીનું નામ પણ છે...'

આ શબ્દો છે મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'ના. ભાષા જેવી છે એના ભાષકોથી... ભાષા ધબકે છે એના ભાષકોથી... ભાષા વિકસે છે એના ભાષકોથી. દીકરા જ જો મા પ્રત્યેથી એનું મોઢું ફેરવી લે તો એની શી દશા થાય ? આપણે તો પારકી મા (અંગ્રેજી)ને અનહદ પ્રેમ કરવા માંડ્યા. આપણને આપણી ભાષાનાં ચાર વાક્યો સાચાં લખતાં ન આવડે, આપણી જ ભાષાના શબ્દોનું સૌંદર્ય આપણને ન દેખાય, આપણા ઉચ્ચારો પણ શુદ્ધ ન થાય... પછી આપણી ભાષા એનું મૂળ સ્વરૂપ શી રીતે ટકાવી શકશે ? આપણી ભાષાનું પ્રવહન શી રીતે થશે ? આપણી આવનારી પેઢીને આપણે ભાષાનો વારસો ને વૈભવ શી રીતે આપીશું ? આ બધા પ્રશ્નો આપણે આપણી જાતને પૂછીએ અને એના ઉત્તર શોધીએ.

ભાષાની એક વ્યાખ્યા છે : યા ભાષ્યતે સા ભાષા. પણ કેવળ બોલાય તેને ભાષા કહીશું ? બોલાતી ભાષા 'બોલી' તરીકે જ જીવંત રહે છે, પણ માન્ય અને શુદ્ધ ભાષાનું શું ? એ તો લેખિત સ્વરૂપે જ આગળ વધી શકે અને નવી પેઢીને સ્પર્શી શકે. શુદ્ધ રીતે આપણે આપણી ભાષામાં લખી શકતા નથી એનાં ગંભીર પરિણામો નવી પેઢીને ભોગવવાં પડશે. અંગ્રેજી ભાષામાં જરાય ભૂલ ન ચાલે, ગુજરાતીમાં ગમે તેમ લખીએ તો ચાલે - આ માનસિકતા બદલવી જ પડશે.

ગુજરાતી ભાષાના સારસ્વત શ્રી રઘુવીર ચૌધરીએ 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના એક કાર્યક્રમમાં કહેલું કે, 'ગુજરાતી સાહિત્ય પ્રત્યે ગુજરાતી પ્રજાનું ધ્યાન ઓછું થતું જાય છે એ ચિંતાજનક છે.' આપણી ભાષા તો આપણું રતન છે, એનું જતન કરવું જોઈએ.

મદનકુમાર અંજારિયા ફરી એમના એક લેખમાં એક વિશેષ વાત કરે છે : 'ભાષા કોઈ ઢંઢેરો કે ચૂંટણી નથી, બલ્કે ચેતના છે. એના અમલ માટે કોઈ આચારસંહિતા નહીં, પણ વિચારસંહિતા લાગુ પાડવી ઘટે... કેમ કે આપણે માતૃભાષામાં વિચારીએ છીએ. આવી વિચારભાષા ગુજરાતી આપણી 'વલણ-વાણી' છે. એનું ભાવિ જોખમાય એ સદૈવ અસહ્ય છે... અરે ! આ ગરવી ગુર્જરવાણીનું સૌષ્ઠવ નંદવાશે એવો વિચાર પણ ભાષા-ભૂકંપના 'બિફોર શૉક' જેવી છે !

વિચારક રાલ્ફ એમર્સનનું વિધાન છે : 'કોઈ ભાષા મરે છે, તેની સાથે ત્યાંની સંસ્કૃતિ પણ મરે છે !'

ભાષા-શિસ્ત ખોરવાઈ છે; નહિતર ગુજરાતી ભાષા એટલી પ્રારબ્ધપંગુ નથી કે એના ભવિષ્યની ચિંતા કરવી પડે ! અરે, ભાષા તો ભાષકનું ભાવિ ઘડે છે.

બીજી ભાષાઓના પ્રભાવથી ગુજરાતી ભાષકો અંજાયા છે અને જે અંજાઈ જાય છે એ ગંજાઈ જાય છે.

'નયા માર્ગ' સામયિકની ભાષા-વિચાર પૂર્તિમાં શ્રી વિદ્યુત જોશીએ લખ્યું છે : 'ગુજરાતી ભાષાને આપણે અધ્યાપકોના સહારે છોડી દીધી છે. સાહિત્યકારો પણ સાહિત્યથી આગળ જઈને ગુજરાતી ભાષાનો વિચાર કરતા નથી. સમાજવિજ્ઞાનીઓ કે ઈતિહાસકારો ભાષાને પોતાનો વિષય ગણતા નથી.'

અત્યારે છેલ્લા એક વર્ષથી અમે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન'ના છત્ર નીચે વિચારસંહિતા અને આચારસંહિતા બંને શરૂ કરી છે. ભાષા પ્રત્યે અભિરુચિ કેળવાય અને ભાષાસાધકો ભાષાભિમુખ બને તે માટે રોજનો પ્રયત્ન શરૂ થયો છે. 'આજનો વિચાર' અને 'આજનું શિક્ષણ' એવાં બે શીર્ષક હેઠળ વૉટ્સએપ, ફેસબુક અને ટેલિગ્રામ એપ દ્વારા દૂરવર્તી શિક્ષણનો રોજિંદો ક્રમ ચાલી રહ્યો છે. ત્રીસેક જેટલાં ગામોમાં ભાષાસાધકોનાં જૂથ બન્યાં છે અને રોજ સેંકડો ભાષાપ્રેમીઓ 'મોબાઈલ' નામના યંત્રને સદુપયોગ કરી રહ્યા છે.

આપણા આ કાર્યને પુષ્ટિ આપે એવાં કેટલાંક કથનો મદનકુમાર અંજારિયાના લેખમાં વાંચવા મળ્યાં છે, તે સુજ્ઞ વાચકોના લાભાર્થે અહીં ટાકું છું...

'ગુજરાતી ભાષાનું ભવિષ્ય જોખમમાં છે ત્યારે માત્ર ભાષકોની નહીં, બલ્કે ભક્તોની જરૂર છે. એવા ભક્તો, જેઓ સ્વસ્થ ઝનૂન સાથે ભાષાધર્મનું પાલન કરે અને કરાવે... જરૂર પડ્યે યુદ્ધના ધોરણે ભાષા-રક્ષા કરવી પડશે અન દૈનિક ધોરણે સૈનિક બનવું પડશે... પણ -

પણ આવા સૈનિકો કેટલા ?

કહો, છે કોઈના કાંડે ગુજરાતી આંકડાઓવાળું ઘડિયાળ ?'

કેમ બધા ચૂપ છે રે ?

પશ્ચિમ તરફ જાય છે, તો સૂરજ પણ અસ્ત પામે છે; અને આપણે ? રે ! આપણે પશ્ચિમોન્મત્ત ! પાશ્ચાત્ય સંસ્કૃતિ અને ભાષાનું આંધળું અનુકરણ કરવા માંડ્યા છીએ !'

છે ને આપણા ત્રિવિધ લક્ષ્યને બિલકુલ અનુરૂપ ! ભાષાસજ્જતા, ભાષાસંરક્ષણ અને ભાષાસંવર્ધનના ત્રિવેણી સંગમમાં આપણે નિત્ય સ્નાન કરવું છે અને કરાવવું છે.

ભાષાપ્રેમ તો ભીતરમાંથી પ્રગટે.

યુદ્ધમાં જર્મનીએ ફ્રાન્સને પછાડ્યું. કબજા હેઠળના વિસ્તારમાં ફ્રેન્ચ ભાષાને હટાવીને શાળા-કોલેજોમાં પણ જર્મન ભાષા ઠોકી બેસાડી. એક વાર જર્મનીનાં રાણી કૈસરઈન એક શાળાની મુલાકાતે જઈ ચડ્યાં. એક બાળાની ચિત્રકૃતિ જોઈને પ્રસન્ન થયેલાં રાણીએ કહ્યું, 'તું ઉત્તમ કલાકાર છે. બોલ, તું માગે તે આપું, શું આપું તને ?'

ત્યારે બાલિકા કહે છે, 'આપ ખરેખર પ્રસન્ન થયાં હો તો મને મારી માતૃભાષા... ફ્રેન્ચ ભાષા પાછી આપો.'

ભાષાપ્રેમથી પ્રભાવિત રાણીએ ફ્રેન્ચ ભાષા ભણાવવાની છૂટ આપી દીધી ! ... જય હો !

- કહો, અંગ્રેજી ભણતાં આપણાં બાળકોમાં ગુજરાતી ભાષા માટે છે આવો પ્રેમ ?

- કહો, વૃક્ષથી... વાણીથી... સ્વભાવથી દૂર જઈ શકાશે ?

ભાષાવિકાસ માટે, અલબત્ત, વિવિધ સ્તરે પ્રયાસો થતા રહે છે... પણ જ્યાં ઑપરેશનની જરૂર છે, ત્યાં ઈન્જેક્શન અપાય છે ! માત્ર કટિબદ્ધ જ નહીં, જરૂર છે પ્રતિબદ્ધ થવાની.

મારા આ લેખમાં મદનકુમાર અંજારિયાની ઘણી વાતો મેં વણી લીધી છે, જેને કારણે મારા આ લેખને - વિષયને પુષ્ટિ મળી છે. હવે એમની જ કલમથી સમાપન કરું -

પ્રગટો હે સ્વયંભૂ ભાવ-લિંગ !
'ભાષાલય' અપૂજ ન રહેવું જોઈએ.

પ્રતિભાવ આવકાર્ય :
પ્રતિભાવ આવકાર્ય - matrubhasha.gaurav@gmail.com